**ચરસ, ગાંજા વિગેરે જેવા નશીલા પદાર્થોના સેવન માટે વપરાતી સ્મોકીંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર/ સ્મોકીંગ કોનના સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી પ્રતિબંધિત કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: વસફ/૧૦૨૦૨૬/૩૭૭/ડ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૦૭/૦૨/૨૦૨૬**

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, ફોરેન્સિક સાયન્સનો તા.૦૭/૦૨/૨૦૨૬નો પત્ર ક્રમાંક: ડીએફએસ/ એસબી/ ૩૯૫/૧/૨૦૨૬

**આમુખ :-**

વિવિધ સામાજિક સંગઠનો, અલગ અલગ જનસમુદાયના મુલાકાતીઓ, સમાચારપત્રો તેમજ સોશિયલ મિડીયા મારફતે મળતી રજૂઆતો મુજબ રાજ્યમાં સગીર/યુવાનો દ્વારા ચરસ, ગાંજા વિગેરે જેવા નશીલા પદાર્થોના સેવન માટે સ્મોકીંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર/ સ્મોકીંગ કોનનો ઉપયોગ કરવામાં આવે છે.

રાજ્યના ફોરેન્સિક સાયન્સ નિયામકના અભિપ્રાય મુજબ વનસ્પતિજન્ય (Plant Based) નાર્કોટીક પદાર્થોના ધુમ્રપાન દ્વારા સેવન (Inhalation via Smoking) માટે ઉપરોક્ત પેપર આધારિત સ્મોકીંગ એસેસરીઝ Drug Paraphernalia તરીકે કાર્ય કરે છે જેને લીધે ડ્રગનું ઝડપી શોષણ (Absorption) થવાથી વ્યક્તિની ડ્રગ પર dependence વધે છે તેમજ અચાનક વધુ માત્રામાં લેવાઈ જવાની (Accidental Overuse) શક્યતા પણ વધી જાય છે. રોલીંગ પેપરના બળવાથી ઝેરી પદાર્થ (Toxins) જેવા કે, Tar, Carbon Monoxide અને અન્ય Irritants પણ ઉત્પન્ન થાય છે, જે ફેફસાં અને કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમને નુકસાન પહોંચાડી શકે છે.

આમ, આવી સ્મોકીંગ એસેસરીઝના સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી વ્યક્તિગત, જનસમુદાય  તેમજ ખાસ કરીને યુવાપેઢી માટે ગંભીર ખતરો બની શકે તેમ છે.

**ઠરાવ:-**

ડ્રગ્સના આ દૂષણને નાબૂદ કરવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે અને તેના સઘન પ્રયાસ રૂપે પુખ્ત વિચારણાના અંતે આવી સ્મોકીંગ એસેસરીઝનું ઓનલાઇન ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા તેમજ પાન પાર્લર, ચાની દુકાનો, છુટક કરીયાણાની દુકાનો વિગેરેમાં થતું વેચાણ બંધ કરવા માટે તમામ પોલીસ કમિશનરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

રાજ્યના યુવાધનને ડ્રગ્સના દૂષણથી બચાવવા તમામ પોલીસ કમિશનરશ્રી અને તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને પોલીસ અધિક્ષકશ્રીના પરામર્શમાં કાર્યક્ષેત્રના વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ડ્રગ્સના કેસો ધ્યાને લેવા તેમજ અધિકૃત સ્ત્રોતથી માહિતી મેળવી આપના કાર્યક્ષેત્ર વિસ્તારમાં જો સ્મોકીંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર/ સ્મોકીંગ કોન દ્વારા નશીલા પદાર્થોનું સેવન થતું હોય તો આવા પદાર્થોથી થતા સ્વાસ્થ્યના ગંભીર નુકશાનને ધ્યાને લઈ આવી સ્મોકીંગ એસેસરીઝનું ઓનલાઇન ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા તેમજ પાન પાર્લર, ચાની દુકાનો, છુટક કરીયાણાની દુકાનો વિગેરેમાં થતા સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી પ્રતિબંધિત કરવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નિપુણા તોરવણે)**
**અગ્ર સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ,**

- તમામ પોલીસ કમિશનરશ્રી
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન ગાંધીનગર
- તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી
- સિલેકટ ફાઈલ-૨૦૨૬